## પૃથ્વીનું અસ્તિત્વ ગાય વગર અશક્ય છે, ગોદુગ્ધ એ શક્તિનો અને પ્રજ્ઞાનો પર્યાય છે, જેમ વસ્ત્રથી બાહ્ય સુંદરતા ખીલે તેમ ગાયનાં દૂધથી આંતરિક સૌંદર્ય સોળે કળાએ ખીલે છે

### યુવાપેઢીનું નવીન કર્તવ્ય - ગૌ સેવા

### ચિંતન સભા

- પ્રા. ડો. રાકેશ આર. પટેલ

બાળકની મુઠ્ઠીમાં ગોળનો ગાંગડો હોય, દૂરથી... આવતી માને જોતા જ તેના હાથમાંનો ગોળનો ગાંગડો કયારે સરકી જાય છે અને માને બાથમાં લેવા દોડી જાય છે એની બાળકને કયાં ખબર રહે છે? માનો આ તો જાદુ છે, તે બધું જ છોડાવી શકે છે, જરૂર છે માત્ર તેની પાસે આદ્રતપૂર્વક જવાની.

પરંતુ આજે ગાયમાતાથી ઘણા બાળકો વિખુટા પડી ગયા છે. સ્થિતિ એવી છે કે ગાયના જેવા રૂપરંગવાળી અનેક નકલી માતાઓ ભ્રમણ ઊભો કરતી નીકળી પડે છે. કોઇ કેડબરીમાતાના શરણે જાય છે તો કોઇ બિસ્કીટમાતાને શરણે, તો કોઇ ચાને જ બધી માતાઓની માતા રોજ સવારે તેની પૂજા કરે છે. પણ હકીકતે તો ગાય આધ્યાત્મિક અને ભૌતિક ઉન્નતિનું એકમેવ સાધન છે. ગાયના દૂધનો ઉલ્લેખ શાસ્ત્રોમાં વારંવાર આવે છે પણ ભેંસના દૂધનો ઉલ્લેખ કેમ નહીં આવતો હોય તે એક પ્રશ્ન જ છે! ભારતભૂમિ પર ઋષિઓએ ગાયને દેવતાની સંબંધની માની છે.

ગાય - (ઘતરૂપ - અમૃતોનો ખજાનો)

રૂદ્રોની માતા, વસુઓની પુત્રી , અદિતિપુત્રોની બહેન

યુવાપેઢી આપણા પ્રાચીનોની ઘણી સારી બાબતોને જૂનવાણી ગણવાની ફેશનથી પીડાય છે. ગૌસેવા પણ આવો જ એક મુદ્દો છે. ગાયને સાચવવા માત્રથી ગૌસેવા પુરી થતી નથી. ગૌસેવા એટલે ગાયના દૂધનો ઉપયોગ કરવાથી શરૂ કરી ગાય સાથે જોડાયેલી વૈદકીય બાબતનો પ્રચાર કરવો અને સમાજને જાગૃત કરવો. મારી યુવાનોને ચેલેન્જ છે કે ત્રણ મહિના સુધી ગાયનાં દૂધ પીવાનું રાખો અને તેના પરિણામો શરીર અને મનની એકાગ્રતા ઉપર કેવી પડે છે તે તમે જાતે જ અનુભવો. નાસાની સંશોધન ટીમે ગાયના છાણ ઉપર પ્રયોગો કરી તેની અસરો નોંધી છે. ભોપાલ ગેસ દુર્ઘટના વખતે છાણથી લીપેલાં અને યજ્ઞ કરતા ઘરોમાં હાનિકારક ગેસની અસર નહિવત થઇ હતી. કેન્સર જેવા જાનલેવા બિમારીઓમાં ગોમૂત્રનો પ્રયોગ અકસીર ગણાતો હોય છે. ગાયનું ઘી બળવર્ધક અને સ્નિગધતા આપનાર છે.

પ્રાચીન સમયમાં પણ આજે પણ કર્મકાંડમાં દેવતાઓનું યજમાન ગોદૂગ્ધથી જ થાય છે. જેની પાસે ગાય છે તે દેવાધિદેવ ઇન્દ્રનું સુખ પ્રાપ્ત કરે છે. કૃશ શરીરવાળાને હૃષ્ટપૃષ્ટ બનાવનાર એકમાત્ર ગાયનું દૂધ છે. તેજહીનને સુંદર બનાવવાની ક્ષમતા ગોદુગ્ધમાં છુપાયલી છે. માતા એટલે દાતા. થાક્યા વિના આપ્યા જ કરે તે માતા અને માગ્યા કરે તે પુત્ર. આપણા ચિંતકો માતાઓને અગ્રસ્થાને બેસાડે છે. તે ત્રણ માતાઓ આપણા જીવનના બધા ઓરડાઓને અજવાળતી રહે છે. પ્રથમક્રમે જન્મદાતી માતા, દ્વિતીય ક્રમે ગૌમાતા અને ત્રીજા સ્થાને સંસ્કૃતિ માતા આવે છે.

● **જન્મદાત્રી માતા આપે છે...**

- માનવ શરીર, સંસ્કાર

● **ગૌમાતા આપે છે...**

- ધન, બળ, અન્ન, યશ

● **સંસ્કૃતિમાતા આપે છે...**

- જીવન રક્ષા, સેવા

નીતિ, રાષ્ટ્રપ્રીતિ

શાસ્ત્રોમાં ગૌસેવાનો મહિમા

ગાવો મમાગ્રતો નિત્યં ગાવં પૃષ્ઠતઃ એવ ચ ।

ગાવો મે સર્વતશ્ચૈત ગવાં મધ્યે વસામ્યહમ્ ॥

**(મહાભારત અનુ.૮૦/૩)**

અર્થાત્ ગાયમાતા જ આપણને સર્વસ્વનું દાન કરે છે. આપણી આસપાસ તેનું જ આવરણ છે. જેમ ગોવાળોની આસપાસ ગાયોનું જ ધણ કોલાહલ કરી તેનું કલ્યાણ કરે છે.

ગાય (ગૌ) શબ્દનો અર્થ થાય છે પૃથ્વી. પૃથ્વીનું અસ્તિત્વ ગાય વગર અશક્ય છે. ગોદુગ્ધ એ શક્તિનો અને પ્રજ્ઞાનો પર્યાય છે. જેમ વસ્ત્રથી બાહ્ય સુંદરતા ખીલે તેમ ગાયનાં દૂધથી આંતરિક સૌંદર્ય સોળે કળાએ ખીલે છે. આજનો માણસ બધું ખરીદવા બેબાકળો બન્યો છે પણ તે ગૌદત્ત - (ઇશ્વરદત્ત) બુદ્ધિ, પ્રજ્ઞા અને મેધાને કયાં ખરીદવા જશે? **(ક્રમશઃ)**

## માનવો પોતાના લોભ અને સ્વાર્થ ખાતર અન્ય જીવોના અસ્તિત્વની કોઈ દરકાર ન કરીને વિનાશકારી વર્તણૂંક કરી રહ્યો છે

### વન્યસૃષ્ટિ પરિચય

### ગેંડાના શિંગડા લાવશે-ગેંડાનો અંત

- હેમંત સુથાર



મહાતૃણાહારી (મેગા હર્બીનોરસ) ગેંડાઓની વિશ્વમાં ૫ પ્રજાતિઓ છે. આ પાંચ જાતિઓ પૈકીની બે જાતિઓ બ્લેક રહાઇનોસેરોસ (કાળો ગેંડો), અને વાઇટ રહાઇનસેરોસ (સફેદ ગેંડો) આફ્રિકા ખંડ ભાગમાં જોવા મળે છે. બાકીનાં ત્રણ પ્રકારનાં ગેંડા કે જેમાં ઇન્ડિયન, જાવન અને સુમાત્રન રહાઇનોસેરોસ એશિયા ખંડમાં જોવા મળે છે.

એક હજાર કિલોથી વધુ વજન ધરાવતાં ભારે જાડું શરીર ધરાવે છે. તેમની વાળ વગરની જાડી ચામડી પર વળ - કરચલીઓ પડેલી જોઇ શકાય છે. ટૂંકા જાડા નળાકાર વૃક્ષના થડ જો તેના પગમાં ત્રણ આંગણીઓ હોય છે. કાન નળાકાર એ આંખો નાની હોય છે. તેના નાક ટોચ ભાગે એક અથવા તો શંકુ આકારના અણીદાર શિંગડા હોય છે.

રહાઇનોસેરસ (Rhinoceros) એક ગ્રીક શબ્દ છે. તેનો અર્થ થાય છે. “નોસ હોર્ન” (Nose horn) ગુજરાતીમાં તેને આપણે “શિંગડીયું નાક” ધરાવતાં પ્રાણી તરીકે ઓળખી શકીએ. પાલતું ઘેટાં-બકરાં, મૃગ-હરણ જેવા પ્રાણીયે શિંગડા કરતાં ગેંડાના શિંગડાની બનાવટ અલગ પ્રકારની હોય છે. તેના શિંગડાની બહારનો ભાગ હાડકાયુક્ત સ્તરનું આચ્છાચિત હોતું નથી. ઘોડાની ખરી, કાચબાની ચાંચ અને કાકાતૂસ પક્ષીની ચાંચ જેવી તેની બનાવટ હોય છે. જેમાં કેલ્શિયમ અને મેલાનીન દ્રવ્યો હોય છે. કેલ્શિયમ હાડકાને મજબૂતી આપે છે. જયારે મેલાનીન સૂર્યના અલ્ટ્રા વાયોલેટ વિકિરણોથી શિંગડાનું રક્ષણ કરે છે. ગેંડાનું શિંગડું તેના જીવનભર વધ્યા કરે છે અને જો કોઇ કારણ શિંગડું તૂટી જાય તો ફરીથી ઉગી નીકળે છે.

આફ્રિકાની બે જાતિઓ કાળા ગેંડા અને સફેદ ગેંડા ઉપરાંત સુમાત્રન જાતિના ગેંડાઓને બે શિંગડા હોય છે. જયારે ભારતીય ગેંડા કે જેને ગ્રેટર વન હોર્નડ રહાઇનોસેરસ - મોટો એકલશીંગી ગેડો પણ કહેવામાં આવે છે તેને તેના નામ પ્રમાણે એક જ શિંગડુ હોય છે. ગેંડાનું શિંગડું ગેંડા માટે જ જીવલેણ બની રહેલ છે.

વર્ષ ૧૯૭૦ થી લઇને વર્ષ ૧૯૯૦ દરમિયાનના ગાળામાં ગેંડાના શિંગડાને કારણે ગેંડાની મોટા પ્રમાણમાં ગેરકાયદેસર હત્યા થઇ હોવાનું નોંધાયું છે. આ ગાળામાં અગાઉ જે ગેંડાઓની વસ્તી, ૧,૦૦,૦૦૦ જેટલી હતી તે ઘટીને ફક્ત ૩૦૦૦ રહેવામાં પામી હતી જે ૯૭,૦૦૦ જેટલા ગેંડા મહાયાનો અંદાજ બતાવે છે.

હાથી દાંતની માંગને કારણે એકલા આફ્રિકામાં પ્રતિવર્ષ ૨૫,૦૦૦ જેટલાં હાથીઓ મરાય છે. તેજ રીતે ગેંડાના શિંગડાને કારણે છેલ્લા ૪૦ વર્ષમાં ૯૫ % જેટલા ગેંડા મરાયા છે. મોઝાંબિક દેશમાં હાલમાં જ તે દેશનો છેલ્લો ગેંડો શિકારીઓનાં હાથે મરાયો. વર્ષ ૨૦૧૨ દરમિયાન ૬૬૮ જેટલાં ગેંડાઓ દક્ષિણ આફ્રિકામાં શિકારીઓના હાથે મરાયા છે.

વિશ્વકક્ષાએ ગેંડાના શિંગડાની કિંમત સોનાની કિંમત સાથે સરખાવાઇ રહી છે. ગેંડાના શિંગડાનો ભાવ પ્રતિ કિલોએ ૬૫૦૦૦ ડોલર સુધી નોંધાયો છે. તેમાં સારી ગુણવત્તા વાળા ચોક્કસ પ્રકારના શિંગડા ૧,૫૦,૦૦૦ ડોલરની કિંમતે પણ વેંચાય છે.

ગેંડાના શિંગડાઓને ગેરકાયદેસર વેપાર ખુબ જ શક્તિસાળી જૂથો દ્વારા સુવ્યવસ્થિત પણે, આધુનિક સાધનોની મદદથી ભરપૂર નાણાંકીય ટેકાથી મોટા પ્રમાણમાં થઇ રહ્યો છે. જુદાં જુદાં દેશો જેવા કે ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, તાઇવાન, મલેશિયા વગેરેમાં તેની માંગ દિન - પ્રતિદિન વધી રહી છે. ખાસ કરીને વિયેતનામ ગેંડાના શિંગડાના ગેરકાયદેસર વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. અહીંયા મોટા ભાગે દક્ષિણ આફ્રિકાના ગેંડાઓની જાતિઓનાં શિંગડાઓ મોટા પ્રમાણમાં વેપાર થાય છે. આ ગુનામાં વેશ્યાઓ, ધનિક લોકો, રાજદૂતો અને ઉચ્ચવર્ગના લોકો સામેલ થઇ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ હવે આ પ્રવૃત્તિને ગંભીરતાથી જોવામાં આવી રહી છે. સાઇટીસ્ અને ટ્રાફિક જેવી સંસ્થાઓ તેના પરનાં પ્રતિબંધો કડક કરી રહી છે. ઝિમ્બાવ્વે જેવાં દેશમાં ગેંડાના શિકારીઓને ઠાર મારવાના હુકમ કરવામાં આવેલા છે. તેજ રીતે નામિબિયાં, સ્વાઝિલેન્ડ અને ઝિમ્બાવ્વેમાં જે કારણે ગેંડાનો શિકાર થઇ રહ્યો છે તેવા તેનાં શિંગડાઓને સરકારી રાહે દૂર કરીને તેને બચાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. આવા દેશોમાં ૧૫૦ થી શિકારીઓને ઠાર મારવામાં આવ્યાં છતાં શિકાર અટક્યો નથી. શિંગડા કાયદેસર રીતે દૂર કરવાનો ખર્ચ અને જૈવિક કારણોને લીધે તેમાં પણ સફળતા મળી નથી.

મલેશિયા, ચીન, દક્ષિણ કોરિયા અને અન્ય દેશોમાં ગેંડાના શિંગડાનો પાવડર તાવ, સંધિવા, ગાઉટ, સર્પદંશ, ટાઇફોઇડ, માથાનો દુખાવો જેવા રોગોમાં વપરાતો હતો. વચગાળ દૂર કરવામાં પણ તેને વાપરવામાં આવે છે. શિંગડાનો પાવડર ઝેર દૂર કરવામાં ઉપયોગી છે તેવી માનતાને કારણે લોહીમાં ઝેર જણાય ત્યારે પણ તે વપરાય છે. આજકાલ ગેંડાનાં શિંગડા કેન્સરની દવા તરીકે અસરકારક છે તેવી માન્યતાને કારણે પણ શિંકારનું પ્રમાણ વધી જવા પામ્યું છે. નશો કરનાર લોકો તેની વધુ પડતી આડઅસરથી બચવા માટે પણ ગેંડાના શિંગડાનો પાવડર વાપરે છે. પ્રાચીન ગ્રીક સમયમાં જળશુદ્ધિકરણ માટે પણ તેનો ઉપયોગ થતો હતો. આ બધા ઉપાયો પાછલ કોઇ વૈજ્ઞાનિક આધારો નથી.

યમન દેશમાં મુસ્લિમ લોકો ગેંડાના શિંગડાને કોતરકામ કરીને યુવાનીના પ્રતિક તરીકે તથા મોભો પાઠવા માટે ઘરેણાં તરીકે પહેરે છે.

૫૦૦ લાખ વર્ષ પહેલાં આ પૃથ્વીપર આગમન પામેલી વિશિષ્ટ સસ્તન પ્રાણીની જાતિ ગેંડાની બધી જ ૫ જાતો ની સંખ્યા હવે ચિંતાજનક રીતે ઘટી રહી છે. માનવો પોતાના લોભ અને સ્વાર્થ ખાતર અન્ય જીવોના અસ્તિત્વની કોઇ દરકાર ન કરીને વિનાશકારી વર્તણૂંક કરી રહ્યો છે.

## વિશ્વ પ્રેમી બનો, પોતાના શત્રુને પણ પ્રેમ કરો, મિત્ર અને શત્રુની વચ્ચે ભેદ માત્ર ઉપરછલ્લી વાત છે, ઊંડાણમાં તો બધે જ માત્ર એક જ તત્વ વિલસી રહ્યું છે

### આતમ ગોષ્ઠી

- ઉર્વી રાજવીર

**૨૭. વિશ્વ પ્રેમી બનો...**

ધ્યાનનાં સમયની શાંતિમાં ગુરૂવાણીએ આત્માને એ આનંદદાયી શબ્દોમાં સંબોધિત કર્યા, ‘હે પુત્ર! જયાં સુધી વિચાર છે ત્યાં સુધ તેનું રૂપ અને ગુણ છે. આ કારણથી દેવતાઓ અને સંપૂર્ણ આધ્યાત્મિક સત્યતાઓ ચોક્કસપણે સત્ય જ છે. બ્રહ્માંડના મંડળો અગણિત છે, પરંતુ એ બધામાં બ્રહ્મની જયોત પ્રકાશિત છે. બ્રહ્મ સાક્ષાત્કાર કરવાની તમારા માટે બધી ભૂમિકાઓ એક જેવી થઇ જાય છે. આથી બધા સત્યોનો સ્વીકાર કરો અને ઇશ્વરનાં બધા રૂપોની પૂજા કરો અને ઇશ્વરનાં બધા રૂપોની પૂજા કરો. ઉદાર તથા વિશ્વપ્રેમી બનો. ધર્મનાં મંડળને વિસ્તૃત કરો. જીવનની બધી જ સ્થિતિઓમાં પોતાની આત્મસ્થિતિ પર ઊભા રહો. જયાં કયાંક પણ અનુભવ થાય, જે કાંણ એનું લક્ષ્ય હોય, આધ્યાત્મિકરૂપથી જે પણ તેની પરિભાષા હોય, ત્યાં અને ત્યારે જ પ્રભુની વાણી સંભળાય છે. બધી વાતોમાં તેની બીજી બાજુ જોતાં શીખો, ત્યારે તું કટ્ટર અંધવિશ્વાસી નહીં રહે.’

આધ્યાત્મિક રૂપ આપવાની નિમ્ન કક્ષાનું પણ દિવ્ય થઇ શકે છે, ત્યારે સંપૂર્ણ જગત પણ દિવ્ય થઇ શકે જશે. સમસ્ત ભેદ બુદ્ધિને કાઢી નાખો. દૃષ્ટિની સંકીર્ણતાને નષ્ટ કરી દો. દૃષ્ટિકોણ વ્યાપક બનાવો. જયા સુધી તે અનંત અને સર્વગ્રાહક ન બની જાય. પ્રભુ કહે છે કે, જયાં જયાં પવિત્રતા અને ધાર્મિકતા છે ત્યાં હું પ્રગટ છું. ‘નાના છોડની ચારે બાજુ વાડ લગાવવી આવશ્યક છે. એ નાનાં કુમળા છોડે વિશાળ, વ્યાપત, ઘેરાવાવાળુ વટ વૃક્ષ બનવું પડશે, ત્યારે જે પણ એની છાયામાં આવે, તેને છાંયો અને આરામ આપે. આ જ પ્રકારે ભેદબુદ્ધિ મુખ્ય વિચારોની વૃદ્ધિનાં માટે લાભદાયક થઇ શકે છે. એક સમય આવશે જયારે વિશેષ વિચાર વિશ્વભાવને ધારણ કરશે. હે પુત્ર! ઉદાર બન! ઉદાર બન! ઉદારચિત્ત થવા માટે બીડું ઝડપો. કારણ કે જે કાંઇ પણ બુદ્ધિ દ્વારા પ્રાપ્ત કરવાનું છે, તે ભાવ દ્વારા પણ પ્રાપ્ત કરવું પડશે. આચરણમાં મૂક્યા વિના ભાવજગત સમૃદ્ધ થતું નથી.’

સમગ્ર જગતને સમાન રૂપે પ્રેમ કરો. પ્રત્યેક વ્યક્તિનાં જીવનમાં બીજ રૂપે એ જ સુંદર પ્રકાશ છે, જે તમે પોતાના પ્રિય વ્યક્તિમાં જુઓ છો. વિશ્વ પ્રેમી બનો. પોતાના શત્રુને પણ પ્રેમ કરો. મિત્ર અને શત્રુની વચ્ચે ભેદ માત્ર ઉપરછલ્લી વાત છે. ઊંડાણમાં તો બધે જ માત્ર એક જ તત્વ વિલસી રહ્યું છે. બૃહદ તત્વ - વ્યાપક - બ્રહ્મ વિકસી રહ્યું છે. દરેક વસ્તુમાં અને પ્રાણીમાં ઇશ્વરને જોતાં શીખો તો પણ જરૂરી સાવધાની રાખો કે અપ્રિયતા - પ્રિયતા વિગેરે સ્વભાવના વિરોધ દૂર રહે છે. સાચા અર્થમાં સૌથી સાચો સંબંધ એ છે કે જે સંબંધરહિત છે અને એટલે જ આધ્યાત્મિક છે.

હંમેશા સર્વવ્યાપી સત્તાનું દર્શન કરો. શારીરિક વ્યક્તિત્વની જગ્યાએ આત્માને જુઓ, ત્યારે તમે તમારા આત્મચિત્ર સાથે વધુ ઘનિષ્ઠ સંબંધ સ્થાપી શકશો. પછી તમને મૃત્યુ પણ અલગ નહીં કરી શકે. બધા ભેદભાવ પર વિજય મેળવીને પોતાનામાં કોઇ પણ પ્રત્યે શત્રુભાવનાં દર્શન નહીં થાય.

એને જુઓ કે જે પ્રત્યેક રૂપમાં સુંદર છે. અધિકાર પામવાની ઇચ્છાને ત્યાગો. પ્રત્યેક નામ અને રૂપને પોતાના માટે એક આધ્યાત્મિક સંદેહ થવા દો. બધા વિચાર એ સ્વભાવથી સંબંધ રાખે છે, જેમાંથી તે ઉદ્‌ભવે છે. એટલે જ બીજાની ભાષા સાંભળવામાં, એનાં ભાષણમાં તર્કની જગ્યાએ સાક્ષાત્કારની ભાવના જુઓ, ત્યારે કોઇ પણ વાદ - વિવાદ નહીં દેખાય અને તમારી પોતાની અને પોતાનાં અનુભવો નથી ભાવનાઓ પ્રાપ્ત કરશે. મૌન જ ખરેખર સાચું છે અને બોલવું તેમજ તર્ક કરવો પોતાની શક્તિઓનો ક્ષય કરવો છે. યાદ રાખો, પોતાના મોતી એમ જ વેરી ન દો, એ જ પ્રમાણે બધી જ ભાવનાઓ સ્વભાવ પ્રમાણે ઉદ્‌ભવે છે. આથી આસક્ત થવાની જગ્યાએ સાક્ષી બનો. એ વાત ને જાણો કે વિચાર કરવો અને અનુભવ કરવો બંને માયા છે - એને આત્માને આત્મા દ્વારાં જીતો અને અનાસક્ત બનો. આજે જે કાંઇ પણ તમે વિચારો છો અને અનુભવ કરો છો, તેવું જ કાલે ન વિચારતાં, સર્વોપરી વાત એ છે કે પોતાના સત્ય સ્વભાવમાં તમે આત્માને પ્રગટ કરવામાં સહાય કરે છે. આથી જ પોતાનાં વિચારો અને અનુભવોને મહાન મારો સ્વક બનીને તે પોતાને મુક્ત કરી લીધો છે. તારી મુક્તિ અને મારા પ્રતિ તારી સેવામાં તારતમ્ય છે. આથી જો તું મારા માટે પરિશ્રમ કરે છે, છતાં પણ મારા માટે એ શ્રમ કરતાંય તારા પ્રેમ અને શ્રધ્ધા વિશેષ મુલ્યવાન છે. વિશ્વ અનંત છે અને કાળ અવિનાશી, પરંતુ હું સદા તારી અને તારી પ્રાર્થનાની પાછળ છું.

તારે કોઇ પણ રૂપનાં અવલંબનની આવશ્યકતા નથી. સંન્યાસી ભાવ, ત્યાગ ભાવનાનું જ મહત્ત્વ છે. સંન્યાસી માત્ર વેશનો નથી. ત્યાગ સાથેનું જીવન આ જ સાચો સન્યાસ એ વિદ્યત સંન્યાસ છે. પ્રદિપત્ આંતરદૃષ્ટિથી પોતાનું નામ એ અંતિમ લક્ષ્યનાં જીજ્ઞાસુઓમાં લખાવો. સંન્યાસી થવામાં અનંત વિકાસ છે. પહેરવેશથી સંન્યાસ નથી, પરંતુ સંન્યસ્થ જીવન જ બધું છે.

પોતાની શક્તિમાં ઇન્દ્ર સમાન બનો. સ્થિરતામાં હિમાલય સમા બનો અને ઉપરાંત સ્વાર્થહિત થઇને પોતાનાં આત્મા સાથે વાર્તાલાપ કરો. મારૂં નામ તમારો મંત્ર બને. તમારા આત્મા સાથેનું મારૂં (પરમાત્માનું) ઐક્ય એટલે જ યોગ. તારો સાક્ષાત્કાર કે સભાનતા એ એવું જીવિત જ્ઞાન હોય કે બધી વસ્તુઓનાં મૂળમાં હું અને તું એકબીજાથી અભિન્ન છીએ. ભિન્નતા, સિમિતતા, અલગતા એ જ મૃત્યુ અને એકતા જ જીવન છે. તે મારી વાણી સાંભળી છે. મારી શિક્ષા પ્રાપ્ત કરી છે. હવે તદ અનુકુળ આચરણ કર. અનંત પ્રેમ કર! નિઃ સ્વાર્થ કાર્ય કર. મારો મંત્ર બન! તારા વ્યક્તિત્વન મારૂં થવા દે. શિવોહમ્, શિવોહમ્ કહો, હું એ જ છું.

## ૩૧/૮ સુધીમાં પાંચ વર્ષ પૂરાં કરનાર બાળક ને ધોરણ-૧ માં પ્રવેશ મળી શકશે...

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

### ગુજરાત હાઇકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો, તેમજ શાળા, કોલેજ એક સાથે આખા વર્ષની ફી લઇ શકે નહીં

ગુજરાત સરકાર એજ્યુકેશન બીલમાં શાળા પ્રવેશ વયમર્યાદામાં સુધારો કરી ૩૧/૫ સુધી જ પાંચ વર્ષ પુરા કરનાર બાળકને શાળા પ્રવેશ આપવા ના નિયમને હાલ પુરતો મુલત્વી રાખી ૩૧/૮ સુધીમાં પાંચ વર્ષ પુરા કરનાર તમામ બાળકોને શાળામાં પ્રવેશ આપવો પડશે. ગુજરાત હાઇકોર્ટની દરમિયાનગીરીમાં કારણે રાજયના હજારો બાળકો અને વાલીઓ ને રાહત થશે. સરકારની ચાલુ વર્ષે આ નિયમની અમલવારીથી પીછેહઠના પગલે જે બાળકના તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં પાંચ વર્ષ પુરા થયા હશે. તેવા બાળકને ધોરણ-૧ માં પ્રવેશ આપવો પડશે. તેમજ જૂના નિયમને ચાલુ હવે પૂરતાં બહાલ રાખવાનો નિર્ણય રાજય સરકારે હાઇકોર્ટમાં જાહેર કર્યો હતો.

સરકાર પાસે હાઇકોર્ટમાં એવી જ બાંહેધરી આપવામાં આવી છે કે ૩૧/મે સુધીમાં પાંચ વર્ષ પુરા થયા હોય તેવાં બાળકને જ ધોરણ-૧ માં પ્રેશ અંગેના નવા નિયમને હાલ પૂરતો અમલ કરવામાં આવશે નહીં.

ધોરણ-૧નાં પ્રવેશ અંગેના કેસમાં રાજય સરકારની પીછેહઠ થયેલ છે તો બીજીબાજુ હાઇકોર્ટની દરમિયાનગીરીના કારણે રાજયના હજારો બાળકો અને વાલીઓને મોટી રાહત મળી છે.

ગુજરાત સરકારે ૩૧/મે સુધીમાં પાંચ વર્ષ પુરા થયા હોય તો જ તેને ધોરણ-૮માં પ્રવેશ મળી શકશે તેવી જોગવાઇ લાગુ પાડતા નવા નિયમનો આગામી વર્ષ ૨૦૧૪ થી અમલગ કરવાની બાહેધરી હાઇકોર્ટને આપી છે. જે મુજબ ના. જજે જુદી જુદી રીટ પિટીશનનો આ પ્રમાણે નિકાલ કરતા વાલીઓમાં રાહતની લાગણી પ્રસરી છે.

અરજદાર ક્રિશીવ અદ્વિત જાની, ધરા જોશી તથા અન્ય બાળકો તરફથી કરાયેલી અલગ - અલગ રીટ પિટીશનમાં જણાવ્યા મુજબ રાજયનાં શિક્ષણ વિભાગ દ્વારા માર્ચ ૨૦૧૩માં પરિપત્ર જારી કરી ધોરણ-૧માં પ્રવેશ માટેની લાયકાતમાં બાળકને ૩૧/મે સુધીમાં પાંચ વર્ષ થયા હોત તો. જે તે ધોરણ-૧માં પ્રવેશ માટે લાયક ગણાશે. અગાઉ ૩૧/ઓગસ્ટ સુધીમાં પાંચ વર્ષ પૂરા થયા હોય તેવી જોગવાઇ હતી. અરજદાર જુના નિયમ મુજબ કે.જી.માં પ્રવેશ મેળવ્યો હતો. અને તે અભ્યાસ અરજદારોએ પૂર્ણ કરી દીધો હતો. તેમ છતાં નવા નિયમના કારણે તેમને ધોરણ-૧માં પ્રવેશથી વંચિત રાખવામાં આવે તેવી શક્યતા હતી. તેથી સરકારનો નવો નિયમ મનસ્વી એક તરફી અને અન્યાયી તેમજ અયોગ્ય હોય અરજદાર બાળકોની ત્રણ માસની સમયમર્યાદા છીનવાઇ જાય તેમ હતી. અરજદારોએ સરકારના નવા નિયમો ગેરકાયદેસર અને રદ્દબાદલ જાહેર કરવા રીટ પિટીશનમાં દાદ માંગતા ના. ગુજરાત હાઇકોર્ટે દરમિયાનગિરી કરતા રાજય સરકારે નવા નિયમોનો અમલ ૨૦૧૩માં મુલત્વી રાખવાની બાહેંધરી આપે. સરકારના નવા નિમયથી ગુજરાતમાં ૬૦ હજારથી વધારે બાળકોને અસર થાય તેમ હતી. તેમજ તેનાથી કેટલાય બાળકોનાં પ્રવેશની તક છીનવાઇ જવાની અને શૈક્ષણિક કારકિર્દીના પ્રારંભે જ સત્તાવાળાની મનસ્વી નીતિનો ભોગ બનવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામત.

સરકાર પક્ષે ચાલુ સાલે સદર નવા નિર્ણયના અમલ મોકુફીની બાહેધરી આપતા એફીડેવિટ ના કારણે હાઇકોર્ટ તમામ રિટ પિટીશનનો નિકાલ કરી સરકારના નવા નિયમને હાલ પૂરતો મુલત્વી રાખેલ જેનાથી રાજયના ૬૦ હજાર બાળકો ને રાહત થશે.

એ જ રીતે સ્કૂલો દ્વારા આખા વર્ષની ફી એડવાન્સમાં લઇ શકાય નહીં પ્રોવિઝન ફોર કેપીટેશન ફી એક્ટ ૧૯૮૭ ના કાયદા પ્રમાણે સેકશન -૪ માં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી છે કે સ્કૂલ મેનેજમેન્ટ વાલી પાસેથી એકસાથે આખા વર્ષની ફી લઇ શકે નહીં, એક મહિનાની જ ફી અને સાથે લઇ શકાય આખા વર્ષની નહીં. આવો કાયદો હોવા છતાં વાલીઓ શાખાની મનસ્વી લૂટ સામે કોઇ જ અવાજ ના ઉઠાવતા કાયદો માત્ર કાગળ ઉપર જ રહેવા પામેલ છે.

દિલ્હી હાઇકોર્ટમાં દાખલ થયેલ એક કેસમાં એડવાન્સ ફી લેવ માટે કોર્ટ હુકમ કરેલ છે. જે મુજબ કોઇ પણ એન.જી.ઓ. શાળા સંચાલક કે કોલેજ એક સાથે આખા વર્ષની ફી વસૂલ કરે તો તે ગેરબંધારણીય અને કેપીટેશન ફી એક્ટ ૧૯૮૭ ની કલમ-૪ની જોગવાઇના ભંગ સમાન છે અને આ જોગવાઇનો ભંગ કરનાર શાળા કોલેજની માન્યતા રદ્દ થઇ શકે છે. જાગો - વાલી જાગો...